Std - 7th

# 10. દુકાળ

ચોમાસું વરસાદની ઋતુ છે.

કોઈ વાર ચોમાસામાં ખૂબ ઓછો વરસાદ પડે છે. તેને દુકાળ કે અનાવૃષ્ટિ કહેવાય છે.

વરસાદ પડે નહિ એટલે ખેતરોમાં અનાજ પાકે નહિ. અનાજની ભયંકર અછત ઊભી થાય. આપણે બીજાં રાજ્યોમાંથી કે પરદેશથી અનાજની આયાત કરવી પડે. પરિણામે અનાજ મોંઘું થાય. વરસાદ ન પડે એટલે ઘાસ ન ઊગે અને ઘાસની અછત ઊભી થાય. કેટલાંય ઢોર ઘાસચારો અને પાણી ન મળતાં મૃત્યુ પામે. કૂવા, વાવ, તળાવ, નદી વગેરે જળાશયોમાં પાણી ઊંડાં જાય અથવા સુકાઈ જાય. આથી આપણે પાણી માટે વલખાં મારવાં પડે. ઝાડપાન સુકાઈ જાય. પશુ-પંખીઓ માટે જીવવું આકરું થઈ જાય. ખેતરો અને સીમ બધું ઉજ્જડ થઈ જાય. આ બધાં કારણોથી ગરમીનું પ્રમાણ ખૂબ વધી જાય છે.

અછતના સમયમાં ધંધારોજગાર પણ ઓછા થઈ જાય છે. ચોરી અને લૂંટફાટ વધી જાય છે.

દુકાળના વખતમાં સરકાર અને સેવાભાવી સંસ્થાઓ લોકોને સહાય કરે છે. અનેક ગામોમાં ટેન્કરો દ્વારા પીવાનું પાણી પહોંચાડવામાં આવે છે. સરકાર લોકો માટે રાહતકામો શરૂ કરે છે. મૂંગાં ઢોર માટે ઘાસ અને પાણીની વ્યવસ્થા પણ કરવામાં આવે છે.

દુકાળ એક ભયંકર કુદરતી આફત છે.